ગુજરાત જમીન મહેસુલ નિયમના
વહીવટી હુકમ–(૩) હેઠળ આપવામાં
આવતી જમીન બાબત

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : જમન–૩૯૦૭–૧૯૯૩–અ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯–૧–૨૦૦૮

**પરિપત્ર :**

ગુજરાત જમીન મહેસુલ નિયમોના વહીવટી હુકમ (૩) હેઠળ સરકારના વિભાગો/ખાતાના વડાઓને કચેરીની પ્રવૃત્તિ / કચેરી બાંધકામ માટે જિલ્લા કલેકટરશ્રીઓ ધ્વારા જમીન ફાળવવામાં આવે છે. સરકારશ્રીના ધ્યાને આવેલ છે કે આ રીતે ફાળવેલ જમીન સંબંધિત વિભાગો / ખાતા ધ્વારા ત્રાહિત વ્યકિત/ સંસ્થા / મંડળીને તબદીલ કરવાના પ્રસંગો બને છે. વહીવટી હુકમ–૩ હેઠળ ફાળવેલ જમીન સંબંધિત ખાતુ / વિભાગ ત્રાહિત વ્યકિત /સંસ્થાને તબદીલ કરી શકે નહિં. આથી આ બાબતને રોકવા માટે નીચે મુજબની સૂચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) ગુજરાત જમીન મહેસુલ નિયમોના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારશ્રીના વિભાગો / ખાતાઓને કલેકટરશ્રી ધ્વારા કચેરીની પ્રવૃત્તિ /કચેરી બાંધકામ માટે જમીન આપવામાં આવે છે.

(૨) ઉપર મુજબ આપવામાં આવેલ જમીન કોઈપણ પ્રકારની તબદીલી કે હેતુફેરને પાત્ર નથી.

(૩) ઉપર મુજબ આપવામાં આવેલ જમીનની તબદીલી / હેતુફેરના પ્રસંગે સવાલવાળી જમીન મહેસુલ વિભાગને પરત કરવાની રહેશે.

(૪) સવાલવાળી જમીન ગામ નમુના નં. ૭/૧૨ માં "શ્રી સરકાર" તરીકે ચાલુ રહેશે. બીજા હકકમાં વિભાગ / ખાતાનું નામ દર્શાવવાનું રહેશે.

(૫) ગુજરાત જમીન મહેસુલ નિયમોના વહીવટી હુકમ–૩ હેઠળ કલેકટરશ્રીઓએ આ સાથેના નિયત નમુનામાં હુકમ કરવાનો રહેશે.

(મુકેશ મોદી)
ઉપસચિવ
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર

## ગુજરાત જમીન મહેસુલ નિયમના વહીવટી હુકમ-૩ હેઠળ જમીન આપવા માટે હુકમનો નમુનો

ક્રમાંક :

કલેકટર કચેરી,
.................
તા.

વિષય : મોજે ........ તાલુકા........... સર્વે નંબર ......... ચો.મી................
.................. કચેરીની પ્રવૃત્તિ / કચેરીના મકાન માટે સરકારી જમીન વહીવટી હુકમ-૩ હેઠળ તબદીલ કરવા બાબત

વંચાણે લીધા : (૧) ગુજરાત જમીન મહેસુલ નિયમ-૧૯૭૨ ના વહીવટી હુકમ નંબર-૩
(૨) મ.વિ.નો તા. ............ નો પરિપત્ર ક્રમાંક : જમન-૩૯૦૭-૧૯૯૩-અ
(૩) વિભાગ / ખાતાની દરખાસ્ત
(૪) પાંત અધિકારીશ્રીનો અભિપ્રાય

<u>વહીવટી હુકમ :</u>

ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૩) ના ................................................ તા.................. ના પત્રથી મોજે............... તાલુકા...................... સર્વે નંબર ......... ચો.મી................ જમીન .................... કચેરીની પ્રવૃત્તિ/ કચેરીના બાંધકામ માટે જમીન આપવા માંગણી કરેલ છે.

વંચાણે લીધા ક્રમ (૪) થી નાયબ કલેકટરશ્રી,.......... ..પ્રાંતએ પ્રશ્નવાળી જમીન આપવા અભિપ્રાય આપેલ છે.

પ્રશ્નવાળી જમીનનો સ્થળસ્થિતિ દર્શાવતો નકશો પ્રકરણના પાના નંબર ......... પર સામેલ છે. જેમાં ....... રંગથી દર્શાવેલ જમીન .................... કચેરીની પ્રવૃત્તિ/ કચેરીના બાંધકામ માટે જમીન મહેસુલ નિયમો-૧૯૭૨ના નિયમના વહીવટી હુકમ નંબર : ૩ નીચે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ શરતોને આધીન ખાતા / વિભાગને આપવા આથી હુકમ કરવામાં આવે છે.

<u>શરતો</u> :

(૧) સવાલવાળી જમીન " શ્રી સરકાર" તરીકે રહેશે.
(૨) પ્રશ્નવાળી જમીન જે હેતુ માટે આપવામા આવેલ છે તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવાનો રહેશે.
(૩) સવાલવાળી જમીન કોઈપણ પ્રકારે તબદીલ કે હેતુફેર કરી શકાશે નહિં.

૪) જમીનનો બે વર્ષમા ઉપયોગ કરવાનો રહેશે.

૫) જમીનની માપણી ડી.આઈ.એલ.આર. પાસે કરાવીને બાંધકામના નકશા મંજુર કરાવીને બાંધકામ કરવાનું રહેશે.

૬) ઉપર્યુકત શરતો પૈકી કોઈપણ પ્રકારનો શરતભંગ થશે તો જમીન આપવાનો હુકમ રદ કરીને ઈમલા સહિત જમીનનો કબજો સંભાળવામા આવશે.

**કલેકટર**

............ **જિલ્લો**